



કે.ડી. NEWS

તારીખ : 09/02/2026




# સાવરકુંડલામાં સેવા અને ભક્તિનો ત્રિવેણી સંગમ: ૫૧ નવદંપતીઓએ પ્રભુતામાં પગલાં માંડ્યા





## જય અલખધણી અને ગોપી મહિલા મંડળના આયોજનમાં રક્તદાન કેમ્પ અને સેવાકાર્યનો અનોખો સમન્વય

## મહંત શ્રી મસાપીર બાપુની દિવ્ય નિશ્રામાં ૨૦ હજાર લોકોએ લીધો મહાપ્રસાદ દીકરીઓને અપાયો ભવ્ય કરિયાવર

સાવરકુંડલાના કેવડાપરા વિસ્તારમાં માનવતા અને સેવાની સુવાસ પ્રસરાવતો એક અનોખો પ્રસંગ યોજાઈ ગયો. 'જય અલખધણી અને ગોપી મહિલા મંડળ' દ્વારા આયોજિત અને નાના ઝીંઝુડાના મોમાઈ મંદિર ના મહંત શ્રી મસાપીર બાપુની દિવ્ય પ્રેરણા તથા માર્ગદર્શન હેઠળ ૫૧ સર્વજ્ઞાતિ સમૂહ લગ્નોત્સવ અત્યંત ધામધૂમ પૂર્વક સંપન્ન થયો હતો. આ પ્રસંગે આર્થિક રીતે નબળા પરિવારોના ૫૧ નવયુગલોએ શાસ્ત્રોક્ત વિધિ મુજબ લગ્નગ્રંથિથી જોડાઈ નવા જીવનની શરૂઆત કરી હતી. શ્રી મસાપીર બાપુના આશીર્વાદથી દરેક દીકરીને નવો સંસાર વસાવવા માટે જરૂરી એવી તમામ નાની-મોટી ચીજવસ્તુઓ (કરિયાવર) આપવામાં આવ્યો હતો આ ઉમદા પહેલથી ગરીબ પરિવારોની દીકરીઓને આર્થિક ટેકો સાંપડ્યો હતો. તેમજ આ મંગલ પ્રસંગે ૨૦ હજારથી વધુ મહેમાનો અને ગ્રામજનોએ ઉપસ્થિત રહી મહાપ્રસાદનો લાભ લીધો હતો. આ ભોજન સમારંભના મુખ્ય દાતા મહંત શ્રી મસાપીર બાપુ (મોમાઈ માતાજી મંદિર, નાના ઝીંઝુડા) રહ્યા હતા. આ કાર્યક્રમમાં એક અલગ સેવાના આ યજ્ઞમાં સામાજિક જવાબદારીના ભાગરૂપે બ્લડ ડોનેશન કેમ્પનું પણ આયોજન કરવામાં આવ્યું હતું, જેમાં બહોળી સંખ્યામાં લોકોએ રક્તદાન કરી માનવતા મહેકાવી હતી. આ મહોત્સવમાં વિવિધ ધાર્મિક સ્થાનોના સંતો-મહંતો તેમજ રાજકીય અને સામાજિક અગ્રણીઓએ ખાસ હાજરી આપી હતી. તમામ મહાનુભાવોએ નવદંપતીઓને અક્ષતથી વધાવી સુખી દામ્પત્ય જીવનના આશીર્વાદ પાઠવ્યા હતા. વહેલી સવારે શાસ્ત્રોક્ત વિધિ સાથે લગ્ન સંપન્ન થયા બાદ બપોરે દીકરીઓની વિદાય વેળાએ વાતાવરણ ભાવુક બની ગયું હતું. "સમાજના છેવાડાના અને જરૂરિયાતમંદ પરિવારોની દીકરીઓના લગ્ન પ્રસંગે સહભાગી થવું એ જ સાચી ઈશ્વર સેવા છે." - આયોજક સમિતિસમગ્ર કાર્યક્રમને સફળ બનાવવા માટે 'જય અલખધણી તેમજ ગોપી મહિલા મંડળ' અને સમૂહ લગ્ન સમિતિના સ્વયંસેવકોએ રાત-દિવસ જહેમત ઉઠાવી હતી. સુવ્યવસ્થિત આયોજન, શિસ્તબદ્ધ વ્યવસ્થા અને ભક્તિમય માહોલને કારણે સમગ્ર સાવરકુંડલા પંથકમાં આ આયોજનની ચોમેર પ્રશંસા થઈ રહી છે.

નો નેગેટીવ ન્યુઝ

# કે.ડી. NEWS

તારીખ : 09/02/2026

SINCE 1923 KD NEWS PAPER

Join us on :

કે.ડી. ન્યુઝ વોટ્સએપમાં મેળવવા મો. 94997 97973 માં આપનું નામ લખી મોકલો અને દરરોજ મેળવો કે.ડી.ન્યુઝ...



## સાવરકુંડલા શહેરમાં પ્રથમ વખત

# ફોનથી પેસેન્જર રીક્ષા ભાડે મેળવો

## શું આ તમે જાણો છો ???

ઈલેક્ટ્રીક પેસેન્જર રીક્ષા, વ્યાજબી ભાડું, અવાજના પ્રદૂષણ વગર શાંત સવારી, ઉત્તમ સર્વિસ

7801852020

આપની સેવામાં રીક્ષાની જરૂરિયાત માટે આ નંબર યાદ રાખો



ના નેગેટીવ ન્યુઝ

# કે.ડી. NEWS

તારીખ : 09/02/2026

SINCE 1923 KD NEWS PAPER

Join us on :

કે.ડી. ન્યુઝ વોટ્સએપમાં મેળવવા મો. 94997 97973 માં આપનું નામ લખી મોકલો અને દરરોજ મેળવો કે.ડી.ન્યુઝ...


## હા...હા... ઘર આંગણાની ઓફર જે તમને બનાવશે માલામાલ...

## કોન બનેગા માલામાલ-૨૦૨૬ ??

## ઉત્સવની ઉજવણીનો ઠાઠ!




કુલ ઈનામો ૫૦૧

T & C APPLY*

...આ ઓફર તા. ૧૪-૦૮-૨૦૨૫ થી તા. ૨૮-૦૨-૨૦૨૬ સુધી માન્ય...

તો રાહ કોની જુઓ છો ?? ચમકાવો નસીબ અને બનો માલામાલ !!!

## સોનિક જવેલર્સ લી.

હવેલી શેરી, સાવરકુંડલા. ફોન : ૨૨૩૨૯૦, મો. ૬૩૫૪૧ ૦૯૪૦૮

તારીખ : 09/02/2026

# સાવરકુંડલા માનવ મંદિર આશ્રમે 130મી મનોરોગી મહિલા સાજી થઈ પરિવારને મળી



સાવરકુંડલા ના હાથસણી રોડ ઉપર માનવ મંદિર મનોરોગી આશ્રમ આવેલો છે જ્યાં છેલ્લા 13 વર્ષથી ભક્તિ બાપુ વિનામૂલ્યે દવા દુઆ ને હવાના માધ્યમથી મનોરોગી બહેનોને પુનઃ જીવન પ્રાપ્ત કરવાનો પ્રયાસ કરી રહ્યા છે. આજે માનવ મંદિર આશ્રમે 130મી મનોરોગી બહેન સાજી થઈ જતા તેમના પરિવારને જાણકારી મોકલતા તેમના પિતાશ્રી આજે માનવ મંદિરે આવી તેમની દીકરીને તેડી ગયા. તારીખ 26 12 2023 ના રોજ રાજકોટના માધાપર ગામની ઈલાબેન ગગજીભાઈ ડોડીયા નામની મનોરોગી મહિલા ને માનવ મંદિરે પ્રવીણભાઈ ગગજીભાઈ ડોડીયા તેમજ અશ્વિનભાઈ ડોડીયા મૂકી ગયા હતા. આજે આ ઈલાબેન નામની મહિલા તેમના પિતાજી રાજકોટના માધાપર ગામે રહેતા હોય તેમને જાણ કરવામાં આવતા તેઓ આજે માનવ મંદિરે આવી અને પોતાની દીકરી ઈલાબેન ને તેડી ગયા. માનવ મંદિર આશ્રમ એ છેલ્લા 13 વર્ષથી અમરેલીના પ્રખ્યાત મનોચિકિત્સક ડોક્ટર વિવેક જોશી ની દવા માનવ મંદિર આશ્રમનું વાતાવરણ અને ભક્તિ બાપુની ભગવાન રામચંદ્રજી ઉપરની અદભુત શ્રદ્ધા ના કારણે અહીંયા આજ સુધીમાં 130 બહેનો સાજી થઈ ગઈ છે હાલમાં 58 જેટલી મનોરોગી બહેનો આશ્રમમાં છે

નો નેગેટીવ ન્યુઝ

# કે.ડી. NEWS

તારીખ : 09/02/2026

SINCE 1923 KD NEWS PAPER

Join us on :

કે.ડી. ન્યુઝ વોટ્સએપમાં મેળવવા મો. 94997 97973 માં આપનું નામ લખી મોકલો અને દરરોજ મેળવો કે.ડી.ન્યુઝ...


# એક્યુરેટ ઈન્ડસ્ટ્રીયલ હબ

Accurate ★★★★★ Top In Town

## બુકીંગ શરૂ...

વહેલા તે પહેલાના ધોરણે

મિત્રો, શુભેચ્છકો, ગ્રાહકો અને દલાલમિત્રોને પધારવા ખાસ આમંત્રણ




* NA થયેલ ઈન્ડસ્ટ્રીયલ પ્લોટ * અમરેલી નેશનલ હાઈવે ટચ
* બાયપાસથી નજીક * શહેરથી માત્ર ૧૦ મિનિટના અંતરે...

**સ્થળ : એક્યુરેટ પેટ્રોલિયમની બાજુમાં, બાયપાસ પછી, અમરેલી રોડ, સાવરકુંડલા.**

ઓફીસ : એક્યુરેટ પેટ્રોલિયમ, અમરેલી રોડ, સાવરકુંડલા

સમય : સવારે ૧૦ થી આપના આગમન સુધી

સંપર્ક : રાજુભાઈ દોશી - મો. ૯૮૭૯૫ ૮૦૬૯૦

ભુપતભાઈ યાદવ - મો. ૮૩૪૭૧ ૬૨૧૯૦

કે.ડી. NEWS
તારીખ : 09/02/2026

# ધારાસભ્ય શ્રી હીરાભાઈ સોલંકી નું સરાહનીય કાર્ય...





રાજુલા જાફરાબાદના ધારાસભ્ય શ્રી હીરાભાઈ સોલંકીએ માનવતાનું શ્રેષ્ઠ ઉત્તમ ઉદાહરણ પૂરું પાડ્યું છે. રાજકોટ નજીક એક શ્વાન કરડેલા પરપ્રાંતીય બાળક અને તેના પરિવારજનોને રસ્તા પર લાચાર સ્થિતિમાં જોઈને તેમણે પોતાનો કાફલો રોક્યો હતો. બાળકને સારવારના પૈસા ન હોવાથી મુશ્કેલી પડી રહી હતી. ધારાસભ્ય શ્રી હીરાભાઈ સોલંકીએ તાત્કાલિક બાળકને રાજકોટ સિવિલ હોસ્પિટલમાં મોકલવાની વ્યવસ્થા કરી અને તેની સારવારનો સંપૂર્ણ ખર્ચ પોતે ઉઠાવવાની ખાતરી આપી. આ ઘટનાનો વીડિયો સોશિયલ મીડિયા પર વાયરલ થતાં હીરાભાઈ સોલંકીના આ સેવાભાવી કાર્યની સરાહના થઈ રહી છે.મળતી વિગતો અનુસાર, હીરાભાઈ સોલંકી રસ્તા પરથી પસાર થઈ રહ્યા હતા ત્યારે તેમણે લોકોનું ટોળું અને એક પરપ્રાંતિય શ્રમિક પરિવારને રડતો જોયો હતો. તપાસ કરતા જાણવા મળ્યું કે આ મજૂર પરિવારના બાળકને શ્વાન કર્યું હતું. બાળકની હાલત ગંભીર હતી, પરંતુ પરિવાર પાસે સારવાર કરાવવા માટે પૂરતા પૈસા નહોતા અને તેઓ નિરાશ થઈને રસ્તા પર બેઠા હતા.પરિવારની વેદના જોઈને હીરા સોલંકીએ તાત્કાલિક નિર્ણય લીધો અને બાળકને વધુ સારવાર માટે રાજકોટ સિવિલ હોસ્પિટલ મોકલવાની વ્યવસ્થા કરી આપી. તેમણે ત્યાંથી પસાર થતી એસ.ટી. બસને રોકાવી અને કંડક્ટરને બંનેની ટિકિટના પૈસા ચૂકવ્યા હતા. એટલું જ નહીં, તેમણે બાળક અને તેના પરિવારને ખાતરી આપી હતી કે રાજકોટમાં સારવારનો જે પણ ખર્ચ થશે તે પોતે ભોગવશે.

નો નેગેટીવ ન્યુઝ
કે.ડી. NEWS
તારીખ : 09/02/2026
SINCE 1923 KD NEWS PAPER
Join us on :
કે.ડી. ન્યુઝ વોટ્સએપમાં મેળવવા મો. 94997 97973 માં આપનું નામ લખી મોકલો અને દરરોજ મેળવો કે.ડી.ન્યુઝ...

# મકાન/કારખાનુ વેચવાનું છે...

## 2 BHK ટાઇટલ કલીયર મકાન, કલ્યાણ સોસાયટી, સાવરકુંડલા.

## કારખાનુ 80x50 ની જગ્યામાં, કલ્યાણ સોસાયટી સામે, સાવરકુંડલા.

**મો. 98796 44811 98798 65111**

**નોંધ :- દલાલભાઈઓ એ તસ્દી લેવી.**


તારીખ : 09/02/2026

# સાવરકુંડલા તાલુકામાં જળસંચયને નવી ગતિ: ₹2.81 કરોડના ચેકડેમ અને નદી ઊંડી ઉતારવાના કામોને ધારાસભ્યશ્રી કસવાલા સાહેબના પ્રયત્નોથી મંજુરી મળી

**સાવરકુંડલા તાલુકાની ‘જીવનદોરી’ સમાન ડેમોથી વધશે પાણી સંગ્રહ ક્ષમતા – ખેડૂતોને લાંબા ગાળે મળશે ફાયદો- કસવાલા**

**ઘોબા,વીજપડી ની જામવાળી તેમજ કડવાળી નદી,નાળ,વણોટ ગામે ઘાણો નદી, ગામોની નદીપર ચેકડેમ,ઉડી ઉતારવાનું કામ કરી પુનર્જીવન સાથે સાવરકુંડલા તાલુકા વિસ્તારના સર્વાંગી વિકાસને નવી દિશા**

**સાવરકુંડલા તાલુકાના કામો મંજુર કરવા બદલ માનનીય મુખ્યમંત્રીશ્રી ભુપેન્દ્રભાઈ પટેલ તેમજ જળસિંચનમંત્રીશ્રી ઈશ્વરસિંહજી પટેલ સાહેબનો ખૂબ ખુબ આભાર :શ્રી કસવાલા**







સાવરકુંડલા તાલુકાના જળસંચય ના મહત્વપૂર્ણ વિકાસકાર્યો માટે ધારાસભ્યશ્રી મહેશભાઈ કસવાલાના સતત પ્રયત્નો પરિણામે કુલ ₹૨.૮૧ કરોડના કામોને મંજુરી મળેલ છે. આ વિકાસકાર્યો થકી તાલુકાની ‘જીવનદોરી’ સમાન ડેમો, નદીઓ અને નાળાઓની પાણી સંગ્રહ ક્ષમતા વધશે તેમજ ખેડૂતોને લાંબા ગાળે સીધો લાભ મળશે. આ મંજુર થયેલ યોજનાઓ અંતર્ગત, ઘોબા ગામે નદી ઊંડી ઉતારવા નું અકામ ૫૬.00 લાખ, વીજપડી ગામોની જામવાળી નદીમાં ચેકડેમનું કામ ૫૯.00 લાખ,તથા કડવાળી નદી ઉપર ચેકડેમનું કામ ૫૮.00 લાખ,નાળ ગામે ચેકડેમ નંબર ૧ નું કામ ૧૮.૬0 લાખનું કામ ,ચેકડેમ નંબર ૨ નું કામ ૧૪.૮૨ લાખ, તેમજ વણોટ ગામે ઘાણો નદી ઉપર ચેકડેમ નંબર ૧ ૩૯.૩૭ લાખનું કામ તેમજ ચેકડેમ નંબર ૨ નું ૩૫.૫૧ લાખનું કામ કુલ ૨.૮૧ કરોડના કામો હાથ ઘરવામાં આવશે. આ કામોથી વરસાદી પાણીનો સંગ્રહ વધશે, ભૂગર્ભ જળસ્તર ઊંચું આવશે અને ખેતી માટે સ્થિર પાણી ઉપલબ્ધ બનશે. ધારાસભ્યશ્રી મહેશભાઈ કસવાલાએ જણાવ્યું હતું કે, “સાવરકુંડલા તાલુકાની આ નદીઓ અને ડેમો વિસ્તારની જીવનદોરી છે. આ વિકાસકાર્યો થકી માત્ર પાણી સંગ્રહ જ નહીં પરંતુ પુરથી થતા નુકસાનમાં પણ નોંધપાત્ર ઘટાડો થશે. પરિણામે ખેતી, પશુપાલન અને ગ્રામ્ય જીવનને નવી શક્તિ મળશે.”આ તમામ યોજનાઓ સાવરકુંડલા તાલુકાના સર્વાંગી વિકાસને નવી દિશા આપનાર સાબિત થશે તથા પર્યાવરણીય સંતુલન સાથે આર્થિક વિકાસને પણ વેગ મળશે. આ મહત્વપૂર્ણ વિકાસકાર્યોને મંજુરી આપવા બદલ ધારાસભ્યશ્રી મહેશભાઈ કસવાલાએ માનનીય મુખ્યમંત્રીશ્રી ભુપેન્દ્રભાઈ પટેલ તથા માનનીય જળસિંચન મંત્રીશ્રી ઈશ્વરસિહજી પટેલ સાહેબનો તાલુકાની જનતા તરફથી ખૂબ ખૂબ આભાર વ્યક્ત કર્યો હતો.

તારીખ : 09/02/2026

નો નેગેટીવ ન્યુઝ

# કે.ડી. NEWS

SINCE 1923 KD NEWS PAPER

Join us on :

કે.ડી. ન્યુઝ વોટ્સએપમાં મેળવવા મો. 94997 97973 માં આપનું નામ લખી મોકલો અને દરરોજ મેળવો કે.ડી.ન્યુઝ...





તારીખ : 09/02/2026

# ખાંભા માં રખડતી ભટકતી ગાય માતા માટે દોઢ વીઘા નું ઘાસ અર્પણ.

ખાંભા તાલુકા ના ભાવરડી ના યુવા સરપંચ અને ખાંભા વકીલ મંડળ ના ઉપપ્રમુખ તથા જ્યોતીષ શાસ્ત્રી એવા શ્રી કમલેશદાદા જાની ને રખડતી ભટકતી ગાય માતા માટે ઉત્તમ વિચાર આવ્યો અને પોતાના સંપૂર્ણ ખર્ચે ( બિયારણ, વાવણી, મજૂર ) સહિત ખર્ચ કરી પોતાના ભાઈ ભરોસેગાર્ગસ જાગીર આશ્રમ માં પોતાની દોઢ વીઘા જમીનમાં જુવાર વાવી અને તૈયાર થઈ જતા ખાંભા ના સેવાયજ્ઞ ગ્રુપ ના યુવાનો ની ગૌ સેવાથી પ્રેરાઈ આ તમામ જુવાર રખડતી ભટકતી ગાય માતા માટે વિના મુલ્યે અર્પણ કરેલ છે તેમના ઉમદા વિચાર ને સૌ જીવદયા પ્રેમી લોકો તથા સંસ્થા ઓ એ આવકારી કમલેશદાદા જાની ને ધન્યવાદ પાઠવેલ હતા.





તારીખ : 09/02/2026

નો નેગેટીવ ન્યુઝ

# કે.ડી. NEWS

SINCE 1923 KD NEWS PAPER

Join us on :

કે.ડી. ન્યુઝ વોટ્સએપમાં મેળવવા મો. 94997 97973 માં આપનું નામ લખી મોકલો અને દરરોજ મેળવો કે.ડી.ન્યુઝ...



## ગુજરાત સરકારની અકસ્માત વિમા યોજના

**અકસ્માતના પ્રથમ 48 કલાક દરમિયાન ઓપરેશન જેવા કે બાઈક એકસીડન્ટ, બાઈક સ્લીપ થવી, ગાડી દ્વારા અકસ્માત થવો જેવા કોઈપણ રોડની અંદર થતા એકસીડન્ટ**

# મફતમાં કરી આપવામાં આવશે.

## શિવમ્

### ઓર્થોપેડીક એન્ડ ગાયનેક હોસ્પિટલ

**૨૪ કલાક ઈમરજન્સી સારવાર**

ડોકટર હાઉસ, રામદર્શન કોમ્પ્લેક્ષ, કે.કે. હોસ્પિટલ સામે, સાવરકુંડલા.
ફોન : ૦૨૮૪૫ - ૨૩૫૫૦૪, મો. ૯૮૭૯૭ ૩૪૮૧૧

## ઉપલબ્ધ સુવિધાઓ

### ડો. ચિરાગ પરમાર

M.S. (Ortho.)

(ભૂતપૂર્વ ઓર્થો. સર્જન, ઈરવીન હોસ્પિટલ, જામનગર)

**આધુનિક ઓર્થોપેડીક સેન્ટર કે જ્યાં**

- અત્યાધુનિક ટ્રોમા કેર સેન્ટર જેમાં...
- અત્યાધુનિક ઓપરેશન થિએટર IITV સાથે
- દરેક પ્રકારના ફ્રેકચર અને અકસ્માત કેસની સારવાર
- ક્લોઝ નેઈલીંગ સેન્ટર (Nailing)
- ઓપન ઈન્જરી (ખુલ્લા ઘા ની સારવાર)
- સાંધા બદલવાની શસ્ત્રક્રિયા
- દરેક પ્રકારના હાડકાને લગતા રોગો જેવા કે
- સાંધાનો દુ:ખાવો, સ્નાયુનો દુ:ખાવો, વા, સંધિવા
- બાળકોમાં થતી જન્મજાત ખોડખાંપણ
- સેરેબ્રલ પાલ્સી તથા મણકા (Spine) ના રોગોનું નિદાન તથા સારવાર
- એક્સ-રે સુવિધા - મેડીકલ સુવિધા ઉપલબ્ધ
- MLC (પોલીસ કેસ લેવામાં આવશે.)

### ડો. વૈભવી પરમાર

M.S. (ગાયનેક)સ્ત્રીરોગ અને પ્રસુતિના નિષ્ણાંત

(ભૂતપૂર્વ ગાયનેકોલોજીસ્ટ : સિવિલ હોસ્પિટલ, અમદાવાદ)

**આધુનિક ગાયનેક સેન્ટર કે જ્યાં**

- ૨૪ કલાક સોનોગ્રાફી થા ઈમરજન્સી સુવિધા ઉપલબ્ધ.
- TAS/TVS સોનોગ્રાફી સુવિધા ઉપલબ્ધ.
- સ્રીરોગ નિદાન અને સારવાર.
- અત્યાધુનિક પ્રસુતિગૃહ.
- જોખમી પ્રસુતિ માટે સવિશેષ સુવિધા.
- કુટુંબ નિયોજન કેન્દ્ર.
- વ્યંધત્વ નિવારણ કેન્દ્ર (Infertility Clinic) તેમજ કૃત્રિમ વિર્યદાન (Intera Uterine Insemination)સુવિધા ઉપલબ્ધ.
- ગર્ભાશયની કોથળી કાઢવાનું ટાંકાવાળુ તથા ટાંકા વગરનું ઓપરેશનની સુવિધા.
- કેન્સર નિદાન ✻ ગુપ્તરોગ (સ્ત્રી/પુરૂષ) નિદાન અને સારવાર
- એપોઈન્ટમેન્ટ અગાઉથી લઈ લેવી.

કે.ડી. NEWS

તારીખ : 09/02/2026

# સાવરકુંડલા તાલુકાના વીજપડી ખાતે આહિર સમાજ સંગઠન દ્વારા સમૂહ લગ્નોત્સવ નું આયોજન.




સાવરકુંડલા તાલુકાના વીજપડી ખાતે આહિર સમાજ સંગઠન દ્વારા આયોજિત ૨૫ મા રજત જયંતિ નિમિત્તે સમૂહ લગ્નોત્સવ નું આયોજન કરવામાં આવ્યું હતુ. જેમાં સાવરકુંડલા લીલીયા ના ધારાસભ્ય શ્રી મહેશભાઈ કસવાલા સહિત રાજકીય સામાજિક અને ધાર્મિક આગેવાનો અને આહીર સમાજના વડીલો આગેવાનો યુવાનો માતાઓ બહેનો મોટી સંખ્યામાં ઉપસ્થિત રહ્યા હતા. અને નવયુગલોને સુખી, સમૃદ્ધ અને ઉજ્જવળ દાંપત્ય જીવન માટે હૃદયપૂર્વક શુભેચ્છાઓ પાઠવી હતી.





નો નેગેટીવ ન્યુઝ

# કે.ડી. NEWS

તારીખ : 31/01/2026

SINCE 1923 KD NEWS PAPER

Join us on :

કે.ડી. ન્યુઝ વોટ્સએપમાં મેળવવા મો. 94997 97973 માં આપનું નામ લખી મોકલો અને દરરોજ મેળવો કે.ડી.ન્યુઝ...





# જય ભવાની ટ્રાવેલ્સ

## તદ્દન ન્યુ બ્રાન્ડ 2x1 સ્લીપર કોચ

## સાવરકુંડલા થી અમદાવાદ

## દરરોજ રાત્રે 9:30 કલાકે

## તેમજ સાવરકુંડલા થી સુરત

## દરરોજ રાત્રે 6:30 કલાકે

**નાવલી નદી, નુતન લોજનીચે સાવરકુંડલા**

**ભરતભાઈ ચુડાસમા - 99240 17530**

**દિપકભાઈ મસરાણી - 9574655621**

તારીખ : 09/02/2026

# બગસરામાં ગ્રામીણ વિસ્તારમાં મેડિકલ સાધનોનું વિતરણ કરાયું.



અમરેલી જિલ્લાના બગસરામાં વિશ્વ વાત્સલ્ય માનવ સેવા ટ્રસ્ટ દ્વારા બગસરાના વતની અને હાલ મુંબઈ રહેતાં કિશોરભાઈ હરીભાઈ દડિયાની સહયોગથી બગસરા તાલુકાના હડાળા, હામાપુર, જુની હળીયાદ અને જુનાં ઝાંઝરીયા તથા મોટા લીલીયાના ઈંગોરાળા ગામે મેડિકલ સાધનો વિતરણ કરવામાં આવ્યા હતા.

નો નેગેટીવ ન્યુઝ


# કે.ડી. NEWS

તારીખ : 09/02/2026

SINCE 1923 KD NEWS PAPER

Join us on :

કે.ડી. ન્યુઝ વોટ્સએપમાં મેળવવા મો. 94997 97973 માં આપનું નામ લખી મોકલો અને દરરોજ મેળવો કે.ડી.ન્યુઝ...

તારીખ : 09/02/2026

# ગુજરાતના પૂર્વ મુખ્યમંત્રી બાબુભાઈ જશભાઈ પટેલ નો આજે જન્મદિવસ...




બાબુભાઈ જશભાઈ પટેલ ગુજરાતના મુખ્યમંત્રી હતા. તેઓ બે વખત મુખ્યમંત્રીના હોદ્દે રહ્યા, પ્રથમ જૂન ૧૯૭૫ થી માર્ચ ૧૯૭૬ સુધી જનતા મોર્ચાના નેતા તરીકે અને બીજી વખત એપ્રિલ ૧૯૭૭ થી ફેબ્રુઆરી ૧૯૮૦ સુધી જનતા પાર્ટીના નેતા તરીકે.તેમનો જન્મ ૯ ફેબ્રુઆરી, ૧૯૧૧ના રોજ નડીઆદ, ગુજરાત ખાતે થયેલો. તેઓ વ્યવસાયે વકીલ હતા. તેઓ ૧૯૩૦માં કોલેજમાં અભ્યાસ કરતા હતા એ સમયે ભારતના સ્વતંત્રતા સંગ્રામમાં જોડાયા. અને એ સબબ ૧૯૪૨ સુધીમાં તેઓ સાત વખત જેલમાં ગયેલા.મુંબઈ રાજ્યના વખતના મંત્રીમંડળમાં, ૧૯૫૨ થી ૧૯૫૭ સુધી, તેઓ કેબિનેટ મંત્રી રહ્યા. ગુજરાતની રચના પછી ૧૯૬૭માં તેઓ ગુજરાતની ધારાસભામાં ચૂંટાયા અને વિવિધ મંત્રાલયો સંભાળેલા.૧૯૭૪માં, ચીમનભાઈ પટેલે નવનિર્માણ આંદોલનને કારણે મુખ્યમંત્રી પદેથી રાજીનામું આપ્યું અને ધારાસભાનું વિસર્જન કરાયું. ચૂંટણી પછી ૧૮ જૂન, ૧૯૭૫માં તેઓ ગુજરાતના પ્રથમ ગેરકોંગ્રેસી મુખ્યમંત્રી બન્યા. તેઓ વિવિધ પક્ષોના ગઠબંધનથી બનેલા જનતા મોર્ચાના નેતા બન્યા. એક અઠવાડીયા પછી, ઈન્દિરા ગાંધી દ્વારા દેશમાં કટોકટી લાદવામાં આવી પણ તેઓ માર્ચ ૧૯૭૬ સુધી પદ પર કાયમ રહ્યા. બીજી વખત તેઓ ૧૯૭૭ થી ૧૯૮૦ સુધી, જનતા પાર્ટીના નેતા તરીકે મુખ્યમંત્રી બન્યા. ૧૯૭૯ની મચ્છુ બંધ હોનારત સમયે તેઓએ છ માસ સુધી સઘળું મંત્રીમંડળ અને સરકારી તંત્રને મોરબી ફેરવ્યું હતું. ૧૯૯૦ની શરૂઆતમાં, ચીમનભાઈ પટેલની સરકારમાં, કેબિનેટ મંત્રી તરીકે તેઓ સરદાર સરોવર બંધ પરિયોજનાના વડા તરીકેનો પદભાર સંભાળ્યો હતો.૧૯ ડિસેમ્બર, ૨૦૦૨નાં રોજ ગાંધીનગર ખાતે તેઓનું અવસાન થયું.

તારીખ : 09/02/2026

નો નેગેટીવ ન્યુઝ

# કે.ડી. NEWS

SINCE 1923 KD NEWS PAPER

Join us on :

કે.ડી. ન્યુઝ વોટ્સએપમાં મેળવવા મો. 94997 97973 માં આપનું નામ લખી મોકલો અને દરરોજ મેળવો કે.ડી.ન્યુઝ...


# સુવર્ણ સૌભાગ્ય ઉત્સવ- મહોત્સવ 2025




માત્ર રૂા. ૧૦,૦૦૦ ના ઘરેણાંની ખરીદી ઉપર..

## 25 લકઝરીયસ ફોર વ્હીલ

તેમજ

9999 થી વધુ કરોડોના ઈનામ જીતવાની સુવર્ણ તક...

## એ.આર. જવેલર્સ

AR JEWELLERS

રાજદરબારગઢ સામે, મેઈનબજાર, સાવરકુંડલા.

મો. 98244 46074/94286 18687

Organised by: HEADWAY BUSINESS SOLUTIONS LLP Solution@100%

કે.ડી. NEWS
તારીખ : 09/02/2026

# સરકારી આર્ટ્સ એન્ડ કોમર્સ કોલેજ, લીલીયા દ્વારા રાષ્ટ્રીય સેવા યોજના (NSS) હેઠળ વાર્ષિક શિબિર યોજાઈ

## વિદ્યાર્થીઓમાં સેવા ભાવના, સામાજિક જવાબદારી, શિસ્ત, સંસ્કાર તથા રાષ્ટ્રનિર્માણના મૂલ્યો વિકસાવવાની નેમ






અમરેલી તા. ૦૯ ફેબ્રુઆરી, ૨૦૨૬ (સોમવાર) – સરકારી આર્ટ્સ એન્ડ કોમર્સ કોલેજ, લીલીયા દ્વારા રાષ્ટ્રીય સેવા યોજના (NSS) હેઠળ તા.૦૩.૦૨.૨૦૨૬ થી તા.૦૯.૦૨.૨૦૨૬ દરમિયાન સાત દિવસીય NSS વાર્ષિક વિશેષ શિબિરનું આયોજન હાથ ધરવામાં આવ્યું હતું. શિબિરનો મુખ્ય હેતુ વિદ્યાર્થીઓમાં સેવા ભાવના, સામાજિક જવાબદારી, શિસ્ત, સંસ્કાર તથા રાષ્ટ્રનિર્માણના મૂલ્યો વિકસાવવાનો હતો. ઉદ્ઘાટન પ્રસંગે લીલીયા સરકારી કોલેજના આચાર્ય શ્રી ડૉ. રાજેન્દ્રસિંહ રાઠોડે જણાવ્યું હતું કે, NSS વિદ્યાર્થીઓને પાઠ્યપુસ્તકની બહાર જઈ સમાજને નજીકથી સમજવાની તક આપે છે. સેવા દ્વારા વ્યક્તિત્વ વિકાસ શક્ય બને છે." તેમણે વિદ્યાર્થીઓને સમાજહિત માટે સક્રિય રીતે જોડાવા પ્રેરણા આપી હતી. ઉલ્લેખનીય છે કે, ઉદ્ઘાટન સમારોહમાં મુખ્ય અતિથિ તરીકે ગોઢાવદરના પૂર્વ સરપંચ શ્રી વિજયભાઈ ગજેરા ઉપસ્થિત રહ્યા હતા. શિબિર દરમ્યાન NSS સ્વયંસેવકો દ્વારા વિવિધ લોકહિતકારી અને જાગૃત્તિસભર પ્રવૃત્તિઓ યોજવામાં આવી. જેમાં ગ્રામ સફાઈ અભિયાન, શ્રમદાન, સ્વચ્છતા જાગૃતિ, વ્યસનમુક્તિ અભિયાન, આરોગ્ય જાગૃતિ કાર્યક્રમ, યોગ અને શારીરિક તંદુરસ્તી સત્ર, પર્યાવરણ સંરક્ષણ, વૃક્ષારોપણ, માર્ગ સુરક્ષા સલામતી તથા વિવિધ વ્યાખ્યાન સત્રો સમાવિષ્ટ છે. શિબિર દરમિયાન વિદ્યાર્થીઓએ પ્રભાત ફેરી યોજીને શાંતિનો સંદેશ પ્રસારિત કર્યો હતો. તેમજ ગ્રામજનો સાથે સીધો સંપર્ક સાધી તેમની સમસ્યાઓને સમજવાનો અને સામૂહિક રીતે ઉકેલ માટે વિચારવિમર્શ કર્યો હતો. વિવિધ સર્જનાત્મક પ્રવૃત્તિઓ દ્વારા વિદ્યાર્થીઓમાં નેતૃત્વ ક્ષમતા, ટીમ વર્ક, શિસ્ત, સમયપાલન અને સમાજ પ્રતિ સંવેદનશીલતા વિકસતી જોવા મળી છે. ઉલ્લેખનીય છે કે, National Service S c h e m e ની શરૂઆત ભારત સરકાર દ્વારા વર્ષ ૧૯૬૯માં પૂ. મહાત્મા ગાંધીજીના જન્મશતાબ્દી વર્ષ દરમિયાન કરવામાં આવી હતી, જેનો મુખ્ય ઉદ્દેશ યુવાનોને સમાજ સાથે જોડીને રાષ્ટ્રનિર્માણમાં સક્રિય ભાગીદાર બનાવવાનો છે. NSSનું સૂત્ર "Not Me, But You" નિસ્વાર્થ સેવા અને ત્યાગની ભાવનાનું પ્રતીક છે, જે વિદ્યાર્થીઓને સમાજના હિત માટે કાર્ય કરવા પ્રેરિત કરે છે.NSS વાર્ષિક વિશેષ શિબિર વિદ્યાર્થીઓ માટે જીવનમૂલ્ય, સેવાભાવ અને સામાજિક જવાબદારી ઉપરાંત શીખવાનો એક યાદગાર તથા પ્રેરણાદાયક અનુભવ સાબિત થયો હતો.શિબિરના સમાપન પ્રસંગે ગોઢાવદર પ્રાથમિક શાળા આચાર્ય શ્રી વર્ષાબેન જોષી, દાતા શ્રી લાલજીભાઈ ભુવા, સુરેશભાઈ ગજેરા, NSS પ્રોગ્રામ ઓફિસર શ્રી ડૉ. વિરાજબેન રાઠોડ સહિતના સ્ટાફ સભ્યો ઉપસ્થિત રહ્યા હતા.

નો નેગેટીવ ન્યુઝ

# કે.ડી. NEWS

તારીખ : 09/02/2026

SINCE 1923 KD NEWS PAPER

Join us on :

કે.ડી. ન્યુઝ વોટ્સએપમાં મેળવવા મો. 94997 97973 માં આપનું નામ લખી મોકલો અને દરરોજ મેળવો કે.ડી.ન્યુઝ...

આકર્ષક વેરાયટી




અવનવી ડીઝાઈન

# લગ્નકંકોત્રી

| | | |
|---|---|---|
| ઓફસેટ પ્રિન્ટીંગ | સ્ક્રીન પ્રિન્ટીંગ | સ્ટીકર પ્રિન્ટીંગ |
| ચોપાનીયા | વિઝીટીંગ કાર્ડ | ઈન્વીટેશન કાર્ડ |
| બીલબુક | લેટરપેડ | ડોકટર ફાઈલ |

પેસ્ટીંગ + ફ્રેમીંગ સાથે

# બેનર

ફ્લેક્ષ બેનર

હોર્ડીંગ્સ

વિનાઈલ પ્રિન્ટીંગ

રીક્ષા પોસ્ટર



દરેક સાઈઝની

## નોન વુવન બેગ

વ્યાજબી ભાવે પ્રિન્ટીંગ



પ્રકાશ પ્રિન્ટર્સ™

રાજ દરબારગઢ, સાવરકુંડલા

મો. 94277 42117

કે.ડી. NEWS

તારીખ : 09/02/2026



# દયારામ ની આજે પુણ્યતિથિ..

દયારામ (૧૭૭૭–૧૮૫૩) ગરબી શૈલીમાં ગીતો રચનાર પ્રથમ મધ્યકાલીન ગુજરાતી કવિ હતા.તેમણે રચેલાં પુષ્ટિમાર્ગે અનુસરતા કૃષ્ણભક્તિના પદો ખૂબ જ પ્રખ્યાત છે. દયારામ, નરસિંહ મહેતા અને મીરાંબાઈની સાથે ગુજરાતી સાહિત્યમાં ભક્તિ આંદોલનના અગ્રણી યોગદાનકર્તા ગણાય છે.દયારામનો જન્મ ૧૬ ઓગસ્ટ ૧૭૭૭ના રોજ નર્મદા નદીને કિનારે આવેલા ચાણોદમાં થયો હતો. તેઓ નાગર બ્રાહ્મણ પ્રભુરામ પંડ્યાના બીજા પુત્ર હતા. તેમની મોટી બહેન ડાહીગૌરી અને નાનો ભાઈ મણીશંકર ૯ અને ૨ વર્ષની વયે જ અવસાન પામ્યા હતા.તેમના પિતા કારકૂન હતા. દયારામે બહુ અલ્પ માત્રામાં શિક્ષણ લીધું હતું અને તેમને વૈષ્ણવ મંદિરમાં ભજન ગાવામાં રસ હતો. તેમના લગ્ન બાળપણમાં થયા હતા પરંતુ તેમની પત્નિ લગ્નના બે વર્ષ પછી મૃત્યુ પામી અને તેમના બીજા લગ્ન તેમના પિતાનું અવસાન થવાથી ટક્યા નહી. બે વર્ષ પછી તેમની માતાનું પણ અવસાન થયું. તેઓ ચાણોદ અને ડભોઈમાં તેમના સગા-સબંધીઓનાં ઘરે રહેતા હતા. દયારામે ભારતભરમાં વૈષ્ણવ સંપ્રદાયનાં મહત્વનાં સ્થળોની મુલાકાત લીધી હતી. ઈચ્છારામ ભટ્ટના સંપર્કમાં આવ્યા પછી તેઓ ધાર્મિક વૃત્તિ તરફ વળ્યા હતા.વિક્રમ સંવત ૧૮૫૮માં તેઓ વલ્લભ મહારાજ થકી પુષ્ટિમાર્ગી વૈષ્ણવ સંપ્રદાયમાં જોડાયા અને વિક્રમ સંવત ૧૮૬૧માં સંપૂર્ણ રીતે પરોવાઈ ગયા હતા.


વિદ્યાર્થીઓ માટે રફ ચોપડા તેમજ લખવા માટેની કોરી પસ્તી

SINCE 1923
KD
NEWS PAPER
દોશી કાંતિલાલ દલીચંદ
દરબાર ગઢ સ્ટ્રીટ, સાવરકુંડલા 9499797973

નો નેગેટીવ ન્યુઝ

# કે.ડી. NEWS

તારીખ : 09/02/2026

SINCE 1923 KD NEWS PAPER

Join us on :

કે.ડી. ન્યુઝ વોટ્સએપમાં મેળવવા મો. 94997 97973 માં આપનું નામ લખી મોકલો અને દરરોજ મેળવો કે.ડી.ન્યુઝ...

Lappy store

LAPPY STORE

## IDEAPAD SLIM 5 INTEL

Lenovo



**PROCESSOR**
Intel® Core™ Ultra 5 125H

**MEMORY**
16 GB LPDDR5X

**STORAGE**
512 GB SSD

**DISPLAY**
35.56cms

Contact Us
+91 9825496484

Mail Us
jayinfo786@gmail.com

કે.ડી. NEWS
તારીખ : 09/02/2026

# દામનગરમાં વિનામૂલ્યે પ્રાચીન ચિકિત્સા શિબીર યોજાઈ.



અમરેલી જિલ્લાના દામનગરમાં સૌપ્રથમ વાર વિનામૂલ્યે પ્રાચીન ચિકિત્સા શિબીર યોજાઈ હતી. ત્રિદિવસીય પ્રાચીન આરોગ્ય ચિકિત્સા શિબીરમાં સ્વ ચીમનભાઈ પ્રભુદાસભાઈ હકાણી ચેરીટેબલ ટ્રસ્ટ અને મરદ પીર ટ્રસ્ટ મુંબઈના સયુંક્ત ઉપક્રમે પ્રાચીન ચિકિત્સા કેમ્પમાં ધનવંતરીના જાણીતા તબીબ ડો. મહેશ સંઘવી અને તેની ટીમે ત્રણ દિવસ સુધી દર્દીઓને અસર કારક મુમેન્ટ બતાવી દર્દી માટે આશીર્વાદ રૂપ પ્રાચીન ચિકિત્સા શિબિર સારવાર અને સમજણ આપવામાં આવી હતી.

એ ગ્રેડ ક્વોલીટીનાં A4 પેકેટ

| 65 GSM | 70 GSM | 80 GSM |
| --- | --- | --- |
| Rs. 175 | Rs. 190 | Rs. 300 |
| મીનીમમ 10 પેકેટ | મીનીમમ 10 પેકેટ | |

તમામ પેકેટો હાજરમાં

SINCE 1923 KD NEWS PAPER
દોશી કાંતિલાલ દલીચંદ
દરબાર ગઢ સ્ટ્રીટ, સાવરકુંડલા 9499797973

તારીખ : 09/02/2026

નો નેગેટીવ ન્યુઝ

# કે.ડી. NEWS

SINCE 1923 KD NEWS PAPER

Join us on :

કે.ડી. ન્યુઝ વોટસએપમાં મેળવવા મો. 94997 97973 માં આપનું નામ લખી મોકલો અને દરરોજ મેળવો કે.ડી.ન્યુઝ...


# HAPPY BIRTHDAY



## રણોલીયા અક્ષય અશ્વિનભાઈ

### મોટા ઝીંઝુડા

HAPPY BIRTHDAY

કે.ડી. NEWS

તારીખ : 09/02/2026

# ગુજરાતમાં સૌપ્રથમ પહેલ: કચ્છના ૨૮૧ ગામના કુલ ૯૧૦ તળાવોને રેવન્યૂ રેકર્ડ પર લાવી બ્યુટીફિકેશન, જળસંચય અને સંરક્ષણ માટે કલેક્ટરશ્રી આનંદ પટેલના માર્ગદર્શનમાં મહેસૂલી તંત્રની ઝુંબેશરૂપ કામગીરી

કલેક્ટરશ્રી આનંદ પટેલના વિઝન હેઠળ કચ્છના ૧૦ તાલુકાઓમાં કુલ ૯૧૦ તળાવની અંદાજે ૫૬૦૦ એકરથી વધુ જમીનને નીમ કરવાની કામગીરી પૂર્ણ કરાઈ. વૈજ્ઞાનિક ઢબે જમીન માપણી પ્રક્રિયા બાદ સત્તાવાર દરજ્જાના હુકમથી કચ્છના તળાવોને મહેસૂલી રેકર્ડમાં મળી નવી ઓળખ.સત્તાવાર દરજ્જો પ્રાપ્ત થવાથી ૯૦૦થી વધારે તળાવોના બ્યૂટિફિકેશન, સંરક્ષણ અને સંવર્ધનને લગતા યોજનાકીય કામો સુચારુરૂપે થઈ શકશે. માત્ર ત્રણ મહિના જેટલા ટૂંકા ગાળામાં વૈજ્ઞાનિક ઢબે માપણી, ફિલ્ડ વિઝિટ સહિતની રેવન્યૂ પ્રક્રિયાઓને પૂર્ણ કરીને તળાવોને અપાયો સત્તાવાર દરજ્જો. માહિતી બ્યુરો, ભુજ : કચ્છ જિલ્લો ભૌગોલિક રીતે અર્ધશુષ્ક ક્ષેત્રમાં આવતો હોવાથી પાણી એ સૌથી મોટી જરૂરિયાત બની જાય છે. આ પરિસ્થિતિમાં પીવાના પાણી, કૃષિ અને પશુપાલન માટે જળ સંસાધનો, તળાવો અને વોટરબોડીનું સંવર્ધન અને સંરક્ષણ અત્યંત અનિવાર્ય છે. આ વિચારને સાર્થક કરતી ઝુંબેશ કચ્છ કલેક્ટરશ્રી આનંદ પટેલની આગેવાનીમાં ત્રણ મહિના પહેલા કચ્છના મહેસૂલ વિભાગ દ્વારા શરૂ કરવામાં આવી હતી. કલેક્ટરશ્રી આનંદ પટેલના માર્ગદર્શનમાં મહેસૂલી તંત્ર દ્વારા નીમ ન થયેલા તળાવો અને વોટરબોડીની ઓળખ કરીને તેને નીમ કરવાની પ્રક્રિયા ઝુંબેશરૂપે શરૂ કરવામાં આવી. ગુજરાતમાં સૌપ્રથમ વખત કચ્છના ૨૮૧ ગામના કુલ ૯૧૦ તળાવોને રેવન્યૂ રેકર્ડ પર લાવી બ્યુટીફિકેશન, જળસંચય અને સંરક્ષણ માટે કામગીરી પૂર્ણ કરવામાં આવી છે. આ ઝુંબેશમાં તળાવો અને વોટરબોડીને સત્તાવાર દરજ્જો આપતા પહેલા તેના ક્ષેત્રફળની માપણીનો અભિગમ અનુસરવામાં આવ્યો. જેથી ભવિષ્યમાં તળાવોના ક્ષેત્રફળને લઈને કોઈ જ વાદવિવાદ ઉપસ્થિત ન થાય અને સત્તાવાર દરજ્જા બાદ તળાવ સંરક્ષણ અને સંવર્ધનના કામોનું સુચારુંરૂપે અમલીકરણ કરી શકાય. કચ્છ જિલ્લા કલેક્ટરશ્રી આનંદ પટેલે સંબંધિત પ્રાંત અધિકારીશ્રીઓ, મામલતદારશ્રીઓ, લેન્ડ રેકર્ડ ઓફિસર્સ સાથે બેઠક યોજીને તળાવની જમીનોના સંરક્ષણ, સંવર્ધન અને બ્યૂટીફિકેશન માટે 'તળાવ નીમ' કરવાનું અભિયાન ઝુંબેશરૂપે શરૂ કર્યું. મજબૂત રેકર્ડ નિભાવણી થઈ શકે અને ભવિષ્યમાં તળાવોના ક્ષેત્રફળને લઈને કોઈ જ વાદવિવાદ ન થાય તે માટે કચ્છ કલેક્ટરશ્રી આનંદ પટેલની સૂચનાનુસાર વૈજ્ઞાનિક માપણીમાં ડીઆઈએલઆરને સાથે રાખીને પ્રાથમિકતા આપવામાં આવી. જમીનની માપણી બાદ તળાવ નીમના આખરી હુકમો કરવામાં આવ્યા, જેથી ભવિષ્યમાં માપણી અંગે કોઈ વિવાદ ન રહે. ડીઆઈએલઆર કચેરી દ્વારા આધુનિક માપણી પ્રક્રિયા કરવામાં આવી હોય આગામી વર્ષોમાં તળાવોના નિયત ક્ષેત્રફળમાં દબાણો, ગેરકાયદેસર કબજો વગેરે પ્રવૃત્તિઓ અટકશે. ઉલ્લેખનીય છે કે, ભુજ શહેરમાં ૨૧ જેટલા તળાવોને નીમ કરવાના હુકમ કચ્છ કલેક્ટરશ્રી દ્વારા કરવામાં આવ્યા છે અને આ તળાવોને સંબંધિત ઓથોરિટી સોંપવાની પ્રક્રિયા પૂર્ણ કરાઈ છે. કચ્છના તમામ ૧૦ તાલુકામાં અંદાજિત ૫૬૯૧ એકર જમીન તળાવ માટે નીમ કરાઈ કચ્છ કલેક્ટરશ્રીના દિશાદર્શનમાં કચ્છ જિલ્લાના તમામ ૧૦ તાલુકામાં તળાવ નીમ કરવાનું અભિયાન શરૂ કરાયું હતું. જેમાં ભુજમાં ૩૧૩, મુન્દ્રામાં ૨૫, માંડવીમાં ૩૮, નખત્રાણામાં ૧૬૩, અબડાસામાં ૮૭, અંજારમાં ૧૩૨, ભચાઉમાં ૭૮, રાપરમાં ૧૮, લખપતમાં ૪૫ અને ગાંધીધામમાં ૧૧ એમ કુલ ૯૧૦ તળાવો નીમ કરાયા છે. કચ્છના ૨૮૧ ગામમાં કુલ ૯૧૦ તળાવો માટે અંદાજિત ૫૬૯૧ એકર જમીન નીમ કરાઈ છે. જે જમીનો સ્થાનિક સ્તરે તળાવ તરીકે અસ્તિત્વ ધરાવતી હતી પરંતુ ચોક્કસ રેકર્ડ પર ક્ષેત્રફળ સાથેનો દરજ્જો મળ્યો ન હોય ત્યાં જળસંચય, સંવર્ધન, સંરક્ષણ અને બ્યૂટિફિકેશનના કામો થઈ શકતા ન હતા. કચ્છના મહેસૂલી તંત્રની ઝુંબેશે તળાવોને સત્તાવાર દરજ્જો આપી વિકાસાધિન બનાવ્યા છે. આ તળાવ નીમ અભિયાનમાં ઘણાબધા તળાવો ગૌચર જમીન પર હતા તો તેની ઓળખ કરી તેની સંપૂર્ણ માહિતી જિલ્લા પંચાયતને સોંપવામાં આવી છે. જેથી આ તળાવોનું સ્થાનિક સ્વરાજ્ય તંત્ર દ્વારા સંરક્ષણ અને સંવર્ધન થઈ શકે. કચ્છના ૯૧૦ તળાવોને હવે સત્તાવાર મહેસૂલી રેકર્ડમાં દરજ્જો પ્રાપ્ત થયો હોય આગામી સમયમાં 'સુજલામ સુફલામ યોજના', અમૃત સરોવર, વીબીજીરામજી વગેરે યોજનાઓ હેઠળ સ્થાનિક સંસ્થાઓના સહયોગથી જળસંચયના કામો કરી શકાશે. તળાવના નીમ થવાથી પર્યાવરણી જાળવણી થઈ શકશે અને વન વિભાગ દ્વારા આ તળાવોની આસપાસ વૃક્ષારોપણની કામગીરી કરવામાં આવશે. ગુજરાતમાં સૌપ્રથમ વખત કચ્છના મહેસૂલી તંત્ર દ્વારા આટલી મોટી સંખ્યામાં તળાવોને નીમ કરવાની ઝુંબેશ હાથ ધરાઈ છે, જેનાથી સૌથી મોટો ફાયદો ભૂર્ગભ જળમાં સુધારા બાબતે થશે. આસપાસના વિસ્તારના ટ્યૂબવેલ, બોરવેલ અને કુવાઓના જળસ્તર ઊંચા આવશે. તળાવોને સત્તાવાર મહેસૂલી દરજ્જો મળવાથી હવે જળસંચયના લગતા વોટર હાર્વેસ્ટિંગ અને પાઈપલાઈન પ્રોજેક્ટ્સ પરનો રાજ્ય સરકારનો ખર્ચ ઘટશે. મોટા પ્રમાણમાં જળસંગ્રહ થવાથી 'માઈક્રો-ક્લાઈમેટ'માં સુધારો થશે. તળાવોના સંરક્ષણથી ખારાશ ઘટશે જેથી પીવાના અને સિંચાઈના પાણીની ગુણવત્તા સુધરશે. કચ્છ વહીવટી તંત્રની આ ઝુંબેશથી પશુ-પંખીઓ માટે વિશ્વસનીય પીવાના પાણીના સ્ત્રોત ઊભા થશે અને કૃષિ ઉત્પાદન ક્ષમતામાં વધારો થશે. કચ્છ કલેક્ટરશ્રી દ્વારા આ તળાવોના વિકાસ માટે સિંચાઈ વિભાગ અને વનવિભાગને ચોક્કસ આયોજન કરવા સૂચના આપવામાં આવી છે. આથી ભવિષ્યમાં જળસંચય, વૃક્ષારોપણ વગેરે કામો આયોજનબદ્ધ રીતે કરી શકાશે. કચ્છ કલેક્ટરશ્રી આનંદ પટેલની આગેવાનીમાં સમગ્ર મહેસૂલ ટીમ દ્વારા તળાવ નીમની કામગીરી એ પર્યાવરણ રક્ષણ તેમજ ભવિષ્યની પેઢી માટે જળ સંવર્ધનનું દાયિત્વ પૂર્ણ કરવાની દિશામાં એક મહત્વપૂર્ણ પગલું બની રહેશે.









કે.ડી. NEWS
ના પ્લેટફોર્મ પર
જ્યાં રિલ્સ નહીં
બ્રાન્ડ બને છે...
અને આપે છે
વ્યુઝની ગેરંટી અને
સફળતાનો ભરોસો
12K
Reactions and plays
1,526
1,23,873
Reactions and plays
1,573
1,22,466
Reactions and plays
821
1,03,175
Vishwa karma Industrials
Reactions and plays
887
1,01,645
Reels
Friends
વિશ્વાસ અને પ્રેમનું બીજું નામ
Reactions and plays
634
94,382
Reactions and plays
1,149
99,012
આજે જ સંપર્ક કરો
વિડીયો રિલ્સ બનાવવા તેમજ માર્કેટિંગ માટે
9724661561

તારીખ : 09/02/2026

નો નેગેટીવ ન્યુઝ

# કે.ડી. NEWS

SINCE 1923 KD NEWS PAPER

Join us on :

કે.ડી. ન્યુઝ વોટ્સએપમાં મેળવવા મો. 94997 97973 માં આપનું નામ લખી મોકલો અને દરરોજ મેળવો કે.ડી.ન્યુઝ...

એનિવર્સરી કેક - બેબીશાવર કેક - સગાઈ કેક
ફોન્ડન્ટ કેક - મેક અપ કીટ કેક - ફોટો કેક

## અઢળક કેકની વેરાયટીઓ

**New collection**

## મેરેજ બોક્સ - ડ્રાયફ્રુટ બોક્સ
## તેમજ રમકડાં ની અવનવી વેરાયટી

બર્થ ડેડેકોરેશન બેબી શાવર ડેકોરેશ
ની તમામ આઈટમ મળશે..

## લાઈવ કેક માટે મુલાકાત લ્યો

તમને મળશે બધાથી અલગ
અને તે પણ આપના બજેટમાં

અર્જન્ટ કેક બનાવી આપવામાં આવશે.

સાવરકુંડલામાં કેક તેમજ ડેકોરેશનનું
એકમાત્ર વિશ્વાસ પાત્ર સ્થળ

# નારોલા લાઈવ કેક શોપ

મહુવારોડ, સાવરકુંડલા મો. 88667 59838

નો નેગેટીવ ન્યુઝ
કે.ડી. NEWS
તારીખ : 09/02/2026
SINCE 1923 KD NEWS PAPER
Join us on :
કે.ડી. ન્યુઝ વોટ્સએપમાં મેળવવા મો. 94997 97973 માં આપનું નામ લખી મોકલો અને દરરોજ મેળવો કે.ડી.ન્યુઝ...

# अनुष्ठान दिवस ३८

" अवतार " की साकार से निराकार तक की यात्रा " आत्मा " के संदेश की श्रृंखला है।

अती पवित्र व शुद्ध आत्मा को माध्यम बनाकर परमात्मा "अवतार" के रूप में प्रगट होता है।

बाबा स्वामी

તારીખ : 09/02/2026

નો નેગેટીવ ન્યુઝ

કે.ડી. NEWS

SINCE 1923 KD NEWS PAPER

Join us on :

કે.ડી. ન્યુઝ વોટ્સએપમાં મેળવવા મો. 94997 97973 માં આપનું નામ લખી મોકલો અને દરરોજ મેળવો કે.ડી.ન્યુઝ...




અઘરા મિત્રો

પહેલો મિત્ર :મારે 5000 રૂપિયાની બહુ જરૂર છે તારી પાસે હોય તો આપ

બીજો મિત્ર: હા ભાઈ પણ અત્યારે મારી પાસે ખિસ્સામાં ફક્ત 2000 જ છે.

પહેલો મિત્ર :કાંઈ વાંધો નહિ 2000 અત્યારે આપ બાકીના 3000 તારા પર ઉધાર રહ્યા.

નો નેગેટીવ ન્યુઝ

કે.ડી. NEWS

તારીખ : 09/02/2026

SINCE 1923 KD NEWS PAPER

Join us on :

કે.ડી. ન્યુઝ વોટ્સએપમાં મેળવવા મો. 94997 97973 માં આપનું નામ લખી મોકલો અને દરરોજ મેળવો કે.ડી.ન્યુઝ...

# ૯ ફેબ્રુઆરી
# મહત્વની ઘટનાઓ

૧૮૯૫
વિલિયમ જી મોર્ગને મિન્ટોનેટ નામની એક રમત બનાવી જે બાદમાં વોલીબોલ તરીકે ઓળખાઈ.

૧૯૦૦
આંતરરાષ્ટ્રીય પુરુષ ટેનિસ ટુર્નામેન્ટ ડેવિસ કપની શરૂઆત કરવામાં આવી.

૧૯૮૬
હેલીનો ધૂમકેતુ છેલ્લે આંતરિક સૌરમંડળમાં દેખાયો.

**જન્મ**

૧૯૦૭
વિનોદિની નીલકંઠ, ગુજરાતી નિબંધકાર, નવલકથાકાર, નવલિકાકાર અને બાળસાહિત્ય લેખક (અ. ૧૯૮૭)

૧૯૧૧
બાબુભાઈ જશભાઈ પટેલ, ગુજરાતના છઠ્ઠા મુખ્યમંત્રી (અ. ૨૦૦૨)

**અવસાન**

૧૮૫૨
દયારામ, ગુજરાત નાં પ્રાચીન કવિ. (જ. ૧૭૭૭)

૧૯૮૧
એમ. સી. ચાગલા, ભારતીય ન્યાયવિદ, રાજનીતિજ્ઞ અને કેબિનેટ મંત્રી (જ. ૧૯૦૦)

૧૯૮૪
બાલાસરસ્વતી, ભારતીય શાસ્ત્રીય નૃત્યાંગના (જ. ૧૯૧૮)

૨૦૧૨
ઓ. પી. દત્તા, ભારતીય દિગ્દર્શક, નિર્માતા અને પટકથા લેખક (અ. ૧૯૨૨)

તારીખ : 09/02/2026

# કે.ડી. NEWS

નો નેગેટીવ ન્યુઝ

SINCE 1923 KD NEWS PAPER

Join us on :

કે.ડી. ન્યુઝ વોટ્સએપમાં મેળવવા મો. 94997 97973 માં આપનું નામ લખી મોકલો અને દરરોજ મેળવો કે.ડી.ન્યુઝ...


## વ્યાપારી માટે




## હોલસેલ ભાવે

નાની-મોટી

## ચીઠ્ઠી બુક

## વિદ્યાર્થીઓ માટે



## રફ ચોપડા

તેમજ

લખવા માટેની **કોરી પસ્તી**

SINCE 1923 KD NEWS PAPER

## દોશી કાંતિલાલ દલીચંદ

દરબાર ગઢ સ્ટ્રીટ, સાવરકુંડલા 9499797973

નો નેગેટીવ ન્યુઝ

# કે.ડી. NEWS

તારીખ : 09/02/2026

SINCE 1923 KD NEWS PAPER

Join us on :


કે.ડી. ન્યુઝ વોટ્સએપમાં મેળવવા મો. 94997 97973 માં આપનું નામ લખી મોકલો અને દરરોજ મેળવો કે.ડી.ન્યુઝ...


## શુ તમારે દરરોજ ફ્રેશ પસ્તીનો વપરાશ છે?

કેરી, ફરસાણની દુકાન, રેસ્ટોરેન્ટ તેમજ કરીયાણાની દુકાનના વ્યાપારીઓ માટે ખાસ



# ફ્રેશ પસ્તી




સાવરકુંડલા માટે ફ્રી ડીલેવરી

* મીનીમમ ઓર્ડર 20 કીલો.

ઓર્ડર માટે કોલ કરો

**94997 97973**

વોટ્સઅપથી ઓર્ડર માટે

CLICK HEAR

કે.ડી. NEWS

નો નેગેટીવ ન્યુઝ

તારીખ : 09/02/2026

SINCE 1923 KD NEWS PAPER

Join us on :

કે.ડી. ન્યુઝ વોટ્સએપમાં મેળવવા મો. 94997 97973 માં આપનું નામ લખી મોકલો અને દરરોજ મેળવો કે.ડી.ન્યુઝ...

# કષ્ટભંજન દેવ હનુમાનજી મહારાજના સાળંગપુરના આજના દર્શન



નો નેગેટીવ ન્યુઝ

# કે.ડી. NEWS

તારીખ : 09/02/2026

SINCE 1923 KD NEWS PAPER

Join us on :

કે.ડી. ન્યુઝ વોટ્સએપમાં મેળવવા મો. 94997 97973 માં આપનું નામ લખી મોકલો અને દરરોજ મેળવો કે.ડી.ન્યુઝ...

## આપની બ્રાન્ડ નું માર્કેટિંગ કરો
## કે.ડી ન્યૂઝ સાથે...




સંપર્ક : મો. 9499797973